# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-01-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) દેશભરમાં હર્ષોલ્લાસભેર 77- મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી - રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નવી દિલ્હીના કર્તવ્ય પથથી પ્રજાસત્તાક દિવસ સમારોહનું નેતૃત્વ કર્યું.

2) રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નવ રચિત વાવ-થરાદમાં રાજ્યકક્ષાનો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો.

3) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , દેશભરમાં ઝડપી ન્યાય પ્રક્રિયામાં ગુજરાત ટોચના ક્રમે

4) ગાંધીનગરના કલોલ પાસે 13 હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે 'ઇન્ટરનેશનલ મેડિસિટી' સ્થાપાશે-ગાંધીનગરમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવની જાહેરાત

5) રાજ્યમાં આગામી 24 કલાક બાદ ઠંડી વધવાની આગાહી

6) WPL ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે વડોદરામાં મુકાબલો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REPUBLIC DAY 2026

સમગ્ર રાષ્ટ્ર આજે 77-મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નવી દિલ્હીના કર્તવ્ય પથ-થી પ્રજાસત્તાક દિવસ સમારોહનું નેતૃત્વ કર્યું. સમારોહનો શુભારંભ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર જવા સાથે થયો. શ્રી મોદીએ સ્મારક પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સુશ્રી મુર્મૂ પરેડના મુખ્ય મહેમાનો , યુરોપીય પરિષદના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપીયન સંઘનાં વડાં ઉર્સુલા વૉન ડેર લેયન સાથે એક ઔપચારિક ઘોડાગાડીમાં કર્તવ્ય પથ પર પહોંચ્યાં હતાં. તેમણે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો. ત્યારબાદ રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું અને 21 તોપની સલામી અપાઈ.

આ વર્ષે “સ્વતંત્રતાનો મંત્રઃ વંદે માતરમ્ ” અને “સમૃદ્ધિનો મંત્રઃ આત્મનિર્ભર ભારત”ની વિષયવસ્તુ હેઠળ પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ.

---

# GUJARAT TABLEAU

દિલ્હીમાં કર્તવ્ય પથ પર 77-મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં 17 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગની 13 ઝાંખી સહિત કુલ 30 ટેબ્લોનું પ્રદર્શન થયું.

આજની પરેડમાં ગુજરાતના ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું. કેન્દ્રીય અનામત પોલીસ દળ – CRPFનાં સહાયક કમાન્ડન્ટ સિમરન બાલાએ CRPFની પુરુષોની કન્ટિજન્ટનું નેતૃત્વ કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું.

સાથે જ નવસારીમાં જન્મેલા તથા ગુર્જરભૂમિના તેમના નામાંકિત ક્રાંતિવીર સાથીઓ શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાની સાથે વિદેશની ભૂમિ પરથી ક્રાંતિજ્યોત જગાવનારાં મૅડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ્' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીજીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન 'આત્મનિર્ભર ભારત' અભિયાનના સુભગ સમન્વય આ ટેબ્લોની અનોખી ભાત ઉભી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, 77-મા પ્રજાસત્તાક પર્વમાં આ વર્ષે પહેલી વાર “સાયલેન્ટ વૉરિયર્સ” તરીકે જાણિતા પ્રાણીઓએ પણ પરેડમાં ભાગ લીધો. કર્તવ્ય પથ પર સાંસ્કૃતિક પ્રસ્તુતિમાં બે હજાર 500 જેટલા કલાકારોએ ભાગ લીધો હતો. જ્યારે દેશભરમાંથી 10 હજાર જેટલા વિશેષ મહેમાનોને આમંત્રિત કરાયા હતા.

---

# CM STATE LEVEL CELEBRATION

રાજ્યના વાવ-થરાદ જિલ્લાના મલુપુર ખાતે 77-મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ધ્વજવંદન કર્યું. ત્યારબાદ રાજ્યપાલ અને મુખ્યમંત્રી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ કરી નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(VOICECAST: SAVAJI CHAUDHARI)

તો, બનાસકાંઠાના નડાબેટ ખાતે સરહદ સુરક્ષા દળ - BSFના ઉચ્ચ અધિકારી અભિષેક પાઠકના હસ્તે ધ્વજવંદન કરાયું.

---

# SANGHAVI REPUBLIC DAY

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , અમદાવાદ અને ગુજરાતની પાવન ભૂમિ-એ દેશને આઝાદી અને વિકાસની દિશા આપી છે. પ્રધાનમંત્રીની પ્રેરણાથી સાણંદ અને ધોલેરા આજે વિશ્વનું સેમિ-કન્ડક્ટર કેન્દ્ર બની રહ્યું છે. અમદાવાદમાં મકરબા પોલીસ મેદાન ખાતે પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી દરમિયાન સંબોધન કરતાં શ્રી સંઘવીએ આ વાત કહી. તેમણે સમારોહમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો અને સલામી આપી હતી. તેમજ પરેડનું નિરીક્ષણ પણ કર્યું.

શ્રી સંઘવીએ રાજ્યમાં મહિલાઓની સુરક્ષા અંગે વાત કરતા ઉમેર્યું હતું કે , ગુજરાત દેશભરમાં ઝડપી ન્યાય પ્રક્રિયામાં ટોચના ક્રમે છે. ઉપરાંત , 907

**ગુનેગારને આજીવન કેદ અને એક હજાર 500થી વધુ કેસમાં માત્ર 15થી 30 દિવસમાં આરોપનામું દાખલ કરી પોલીસે વિક્રમી કામગીરી કરી છે.**

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

***શ્રી સંઘવીએ પ્રવાસન ક્ષેત્રે વર્ષ 2026ને 'પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત સાથે અંબાજી , બહુચરાજી, પાવાગઢ, ગિરનાર, દ્વારકા સહિતના યાત્રાધામના વિકાસકાર્યોની માહિતી પણ આપી હતી.***

---

# REPUBLIC DAY STATE WISE

**રાજ્યભરમાં વિવિધ મંત્રીઓ અને કલેક્ટર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં 77-મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી.**

**ગાંધીનગરના માણસામાં ઉર્જામંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયો. આ પ્રસંગે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પટેલે કહ્યું , પ્રજાસત્તાક દિવસ માત્ર ઉજવણી નહીં, બંધારણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો સંકલ્પ છે.**

**(BYTE - ENERGY MINISTER HRISHKESH PATEL)**

ડાંગના આહવા પોલીસ પરેડ મેદાનમાં રાજ્યમંત્રી ડો. જયરામ ગામીત , પોરબંદરમાં મંત્રી કુંવરજી બાવ ળીયા અને બોટાદના ગઢડા ખાતે પ્રભારી મંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વ **ઉજવાયો.**

ખેડામાં જિલ્લા પ્રભારી મંત્રી રમણ સોલંકીની ઉપસ્થિતિમાં રમતવીરો , દાતાઓ અને કર્મયોગીઓ સહિતના સેવાકર્મીઓનું વિશેષ સન્માન કરાયું.પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે મંત્રીશ્રીએ ડાકોર ખાતે 125 કરોડ રૂ પિયાના ખર્ચે પ્રવાસનના કામને મંજૂરી અપાશે તેવી ખાતરી આપી.

અમરેલીના ખાંભા મુકામે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી. **તેમણે ખાંભા તાલુકાના વિકાસ માટે 25 લાખ રૂ પિયાનો ચેક અર્પણ કર્યો તેમજ** આજના દિવસે **ઉત્તમ**

**કામગીરી કરનારા અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તથા જિલ્લાનું નામ રોશન કરનારા ખેલાડીઓ અને વિદ્યાર્થીઓનું સન્માન કરાયું.**

સાબરકાંઠાના હિમ્મતનગરમાં એ.પી.એમ.સી.ફાર્મસી કોલેજ ખાતે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિ વસ ઉજવાયો . તેમણે પોલીસ માર્ચ પાસ્ટની સલામી ઝીલી અને શહીદ વીરોને શબ્દાંજલિ આપી.

પોરબંદરના દરિયામાં , સ્વિમિંગ ક્લબના તરવૈયાઓ એ કડકડતી ઠંડીમાં ધ્વજવંદન કરી પ્રજાસત્તાક પર્વ ઉજવ્યો. વહેલી સવારે યુવકો અને યુવતીઓ એ મધદરિયે રાષ્ટ્રગીત ગાઈ સલામી આપી ત્રિરંગો લહેરા વ્યો હતો.આ અંગે ........................ એ વધુ માહિતી આપી.

**BYTE – PORBANDAR**

તાપીના ઉચ્છલ બાબરઘાટ ખાતે જિલ્લા કલેક્ટર ડો. વિપીન ગર્ગે રાષ્ટ્રધ્વજને સલામી આપતાં કહ્યું , સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ એ તાપી જિલ્લાની સાચી ઓળખ છે. જિલ્લા કલેક્ટર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિશેષ સિદ્ધિ મેળવનારી પ્રતિભાઓનું પ્રશસ્તિપત્ર આપી સન્માન કરાયું હતું.

દેવભૂમિદ્વારકાના ભાણવડ ખાતે કલેકટર રાજેશ તન્નાએ રાષ્ટ્રધ્વજને સલામી આપી. તેમણે રાષ્ટ્રનિર્માણ અને પર્યાવરણ સંરક્ષણમાં યોગદાન આપ વા લોકોને અનુરોધ કર્યો. બીજી તરફ જિલ્લા પોલીસ, સમુદ્રી કાર્યદળ અને ભારતીય નૌસેના દ્વારા જિલ્લાના દુર્ગમ 15 ટાપુ પર ત્રિરંગો લહેરવાયો.

ભરૂચના આમોદ માં રેવા સુગર મેદાન, ભીમપુરા ખાતે કલેક્ટર ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક પર્વ **ઉજવાયો**. દરમિયાન આજે કૃષિ રાહત પેકેજ અંતર્ગત જિલ્લાના 94 હજાર ખેડુતોને 295 કરોડ રૂપિયાની સહાય અપાઇ . કલેકટરએ શહીદોને શ્રદ્ધાંજલિ પણ આપી હતી.

તો બીજી તરફ જિલ્લાના આલિયાબેટ ખાતે ભરૂચ પોલીસ દ્વારા કરાયેલી ઉજવણીમાં સમુદ્રી કાર્યદળના નાયબ પોલીસ અધિક્ષક પી.એન. ખરાડી ઉપસ્થિત રહ્યા હતા.

---

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# Akashwani republic day

આકાશવાણી અમદાવાદ પરિસરમાં  પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. દરમિયાન આકાશવાણીના કર્મચારીઓ અને અધિકારીઓએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.આ પ્રસંગે કેટલાક કર્મચારીઓએ દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા.આકાશવાણી કાર્યાલયના વડા એન એલ ચૌહાણે લોકોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી...

**BYTE - N L CHAUHAN**

---

# International medicity

ગાંધીનગરના કલોલ પાસે 13 હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે 'ઇન્ટરનેશનલ મેડિસિટી' સ્થાપાશે.તે  ગાંધીનગરને વિશ્વના હેલ્થ મેપ પર અગ્રેસર બનાવશે.ગાંધીનગરમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતી રવિએ આ અંગે જાહેરાત કરી.તેમણે કહ્યું  , આ મેડિસિટી દુબઈ આરોગ્ય સંભાળ શહેરની જેમ બનાવાશે.

તેમણે 77માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી  નિમિત્તે યોજાયેલા ધ્વજવંદન કાર્યક્રમમાં ત્રિરંગાને સલામી આપી.દરમિયાન પોલીસ , હોમ ગાર્ડ,ગ્રામ રક્ષક દળ , NCC કેડેટ્સ દ્વારા પરેડ તેમજ વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશ ભક્તિના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા.

---

# WEATHER FORECAST

**રાજ્યમાં ઠંડીનું જોર યથાવત્ છે. ત્યારે હવામાન વિભાગે આગામી 24 કલાક બાદ ઠંડી વધવાની આગાહી કરી છે. ત્યારબાદ ધીમે-ધીમે ઠંડી ઘટી શકે છે.**

**દરમિયાન રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. હાલમાં નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા અને અમરેલી સૌથી ઠંડા શહેર છે. જ્યારે  રાજકોટ અને કેશોદમાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. આ સિવાયના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહ્યાના અહેવાલ છે.**

---

# EVE WPL CRICKET MATCH

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકા બલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમ ખાતે હમણાં સાડા સાત વાગ્યે આ 16-મી મેચ શરૂ થશે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની બેંગ્લુરુની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

ઉલ્લેખનીય છે કે , પૉઈન્ટ ટેબલમાં હાલ બેંગ્લુરુની ટીમ પહેલા અને હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની મુંબઈની ટીમ ચોથા ક્રમાંક પર છે.

---